**મિથુન (ક,છ,ઘ) :** આમ તો તમે ખૂબ સહનશીલ છો, પણ એક વખત ગુસ્સો આવી જાય તો તમે એને કાબૂમાં રાખી નથી શકતા એનું આશ્ચર્ય છે. જે સ્થિતિ બદલી નથી શકતા એને જતી કરવામાં આટલો વિલંબ શા માટે? ભૂતકાળના વિચારોમાં ડૂબેલા રહેવાને બદલે મક્કમ પગલા સાથે આગળ વધો એવી મારી ખાસ સલાહ છે. બિનજરૂરી કાર્યો પર લક્ષ આપવાને બદલે મહત્વના કાર્યો પર ધ્યાન આપો. તમારી તમામ શક્તિને કામકાજ પાછળ કામે લગાડો. આમ કરશો તો ધારતા હશો એ કરતા પણ ઝડપથી સારા પરિણામો મળશે અને તમારો ઊત્સાહ વધી જશે. **સ્ત્રીવર્ગ માટે :** સમજદારી અને શાંત અભિગમથી દાંપત્ય જીવનમાં સમગ્રપણે સુધારો લાવી શકશો.

**કર્ક (ડ,હ) :** હાલના પરિવર્તન અને પ્રગતિના સમયને કુદરતી રીતે આગળ વધવા દો. જીવનસાથી સાથે સંબંધો દૃઢ બનાવવા આ સમય પોઝિટિવ છે. સહનશીલ બનશો તો ટેન્શન દૂર રાખી શકશો. તમારી આંતરિક શક્તિ અને વ્યવહારૂતા સાથે પ્રેમ તેમજ અન્યની કાળજી લેવાની ભાવનાથી અન્યને આકર્ષી શકશો અને સંબંધીઓ પણ સ્પષ્ટ સલાહ મેળવવા માટે પ્રથમ તમારી તરફ નજર દોડાવતા રહેશે એમ જણાય છે. સલામત યોજનાઓમાં થોડા પૈસા ઇન્વેસ્ટ કરી આર્થિક સ્થિતિને મજબૂત બનાવવા તરફ ધ્યાન આપજો. વડીલોના સ્વાસ્થ્ય તરફ પણ લક્ષ આપજો. **સ્ત્રીવર્ગ માટે :** અહમને છોડશો તો મુશ્કેલ સમસ્યા ઊકેલી શકશો.

**સિંહ (મ,ટ)** : હાલનો સમય આત્મમંથનનો છે. નુકસાનકારક આદતમાંથી છુટકારો મેળવીને અને ભૂલોનું પુનરાવર્તન ન કરવાની પ્રતિજ્ઞા કરી યોગ્ય માર્ગ પર આગળ વધી શકશો. જોખમોનો સામનો કરવા શક્તિઓનું સંયોજન કરો અને સમસ્યા વણસે એ અગાઉ તમારી બુધ્ધિને કામે લગાડો એવી મારી સલાહ છે. ફેમિલીની ફાઈનેન્સની સમસ્યાઓ ઉકેલવાની અને કાનૂની દસ્તાવેજોનું અધ્યયન જેવી બાબતોમાં વ્યસ્ત રહેવું પડશે. જેમના પર ભરોસો હોય તેવા મિત્રોનું માર્ગદર્શન મેળવો તો સારૂં. અપરિણીતોને રસપ્રદ હશે એવી વિજાતીય વ્યક્તિ સાથે મુલાકાત થશે. **સ્ત્રીવર્ગ માટે :** તમારા પ્રિયજનને કોઈક ચિંતા સતાવી રહી છે એનો ઊપાય શોધી કાઢો.

**કન્યા (પ,ઠ,ણ)** : તમારી ચીવટની આદતને કારણે પ્રત્યેક કામ જાતે કરવાનો આગ્રહ રાખી રહ્યા છો. અત્યારે તમે કેવી રીતે કામ કરી રહ્યા છો એના પર હવે પછીની કર્મની ગતિનો આધાર છે. નિયમોનું કડકાઈથી પાલન કરવાનું અને વધુ પડતી ટીકા કરવાનું ટાળો. અનેક કાર્યો બાકી હોવાથી અન્ય લોકોને પણ કામ ફાળવો એવી મારી સલાહ છે. જોખમી અને લલચામણું વળતર આપે એવી સ્કીમો કરતા સલામત અને લાંબા ગાળાનું રોકાણ કરજો. એકાદ વડીલ સાથે મતભેદ થશે, પણ પછી તમને સમજાશે કે તેઓ સાચા હતા. વાહન અકસ્માતમાં ઇજા થઈ શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** સહેજ ચેન્જ ખાતર તમારા વિશે વિચારો. લોકો શું કહેશે એવી ચિંતા ન કરો, સમજ્યાને?

**તુલા (ર,ત)** : હાલનો સમય હસી-મજાકનો, મિત્રોને મળવાનો, નવા મિત્રો બનાવવાનો અને લોકો પર પ્રભાવ પાથરવાનો છે. આવા સમયમાં એકધારૂ યંત્રવત્ કામ કરવાનો કંટાળો આવશે. નોકરી માટેની નવી ઓફર સ્વીકારવાની લાલચને વશ ન થશો. હાલ શેર-સટ્ટામાં ઈન્વેસ્ટ કરવા યોગ્ય સમય નથી. અચાનક વધારાની આવક ઊભી થઈ જતા બચત કરવાની ખાસ સલાહ છે. નજીવુ ઈન્ટિરિયર ડેકોરેશન કરો એવી શક્યતા છે. એની ખરીદીમાં થોડો સમય વ્યતીત થશે એમ દેખાય છે. નવું વાહન ખરીદી શકો છો અને વિદેશ પ્રવાસના યોગ પણ છે. **સ્ત્રીવર્ગ માટે :** ભૂતકાળના વિચારો કરવાને બદલે હાલ તમારી પાસે જે છે એનો આનંદ માણો.

**વૃશ્ચિક (ન,ય)** : ભૂતકાળમાં જે પ્રયાસો કર્યા હશે એની સંપૂર્ણ અસર હવે તમે જોઈ રહ્યા છો. એ પ્રયાસોના પરિણામે હાલના સ્થાને પહોંચ્યા છો એમ જણાય છે. અંતરના ઊંડાણથી સાચો પ્રેમ અને લાગણીઓ પ્રગટ કરવાનો સમય છે. જેને અત્યંત ચાહતા હશો એવી વ્યક્તિ સાથે વિદેશ પ્રવાસ શક્ય છે. કર્મની હાલની ગતિમાં પ્રિયજન તમને લાડ લડાવશે અને તમારી કાળજી લેશે. એ જોઈને તમારૂં મન આનંદથી ઝૂમી ઊઠશે. ખાસ તો ફાઈનેન્સની બાબતમાં તમારાથી તદ્દન જુદા વિચારો ધરાવતા લોકોના વિચારો સાંભળવા પ્રયાસ કરો. એકાદ સોદો પાર પાડવાની ઊતાવળમાં કદાચ એકાદ-બે મુદ્દા ધ્યાન બહાર રહી જવાની શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** હાલ ધીરજ અને સમજદારીપૂર્ણ અભિગમ જાળવવાની સલાહ છે.

**ધન (ભ,ધ,ફ,ઢ)** : હાલના ખલેલવાળા તબક્કામાં એક કદમ આગળ રહી શકશો અને રમૂજવૃત્તિ જાળવી શકશો એમ દેખાય છે. ઈશ્વરે પ્રદાન કરેલી શક્તિને કારણે પ્રિયજનની વણકહી લાગણીઓને અંતરની પ્રેરણાથી સમજી શકશો. જાણે કે તમારૂ ત્રીજુ નેત્ર ખૂલી ગયુ હોય એમ લાગશે. અચાનક તમારા વિશેનું વિશાળ ચિત્ર નજર સમક્ષ તરવરવા લાગશે. મન અને વાણી પર સંયમ રાખી શક્તા હોવાથી આગળનો માર્ગ એકદમ સરળ બની જશે. તમારા આશ્ચર્ય વચ્ચે પરિવારનો એક સભ્ય અચાનક એકદમ સ્વતંત્રતાથી વર્તવા લાગશે. એને પ્રેમથી સમજાવવાનો આગ્રહ રાખજો. **સ્ત્રીવર્ગ માટે :** મહિલાઓની સંતાન પ્રાપ્તિની ઈચ્છા પૂર્ણ થશે. સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું.

**મકર (ખ,જ)** : હાલનો સમય હળવાશભર્યો અને રોમેન્ટિક છે. તમે અભિપ્રાયોનું પારસ્પરિક આદાનપ્રદાન કરતા હોવાથી ભાવનાત્મક જીવન સરળતાથી આગળ વધતુ રહેશે. બિઝનેસ સંબંધી વિચાર વિશે મનમાં કોઈ ખચકાટ હોય તો કાઢી નાખજો. લોકો શું બોલે છે એની ચિંતા કર્યા વિના મસ્તીથી જીવવાનો સમય છે. કાળજી લેવાના સ્વભાવને લીધે માતા કે સાસુ સાથેના સંબંધો સારા રહેશે. પૂરતી ઊંઘ તથા આરોગ્યપ્રદ ખોરાક લો એવી મારી ખાસ સલાહ છે. પ્રવાસનો કાર્યક્રમ વિલંબમાં મુકાતા નક્કી કરેલા દિવસે નીકળી નહી શકો એમ જણાય છે. **સ્ત્રીવર્ગ માટે :** અણધારી ભેટ કે પૈસાની બક્ષિસ મળવાની શક્યતા છે. સોના-ચાંદી કે ઘરેણાની ખરીદી શક્ય બને.

**કુંભ (ગ,સ,શ,ષ)** : અત્યાર સુધીમાં મળેલી સફળતા તેમ જ કેટલા મોરચે વિજય મેળવવાનો બાકી છે એનુ વાસ્તવિક મૂલ્યાંકન કરશો તો આગામી રણનીતિ ઘડી શકશો. કીર્તિ પ્રાપ્તિનો સમય શરૂ થઈ ગયો છે. ઘરના મેમ્બરો સાથે સંઘર્ષ ટાળવાની ખાસ સલાહ છે. સંબંધોની બાબત અને ઓફિસમાં અગત્યના નિર્ણયો લેવા પડશે. સલામત અને અગાઊ પ્રસ્થાપિત માર્ગે આગળ વધવુ કે સમસ્યાઓનો પટારો ખોલે એવા પડકારોનો સામનો કરવો એની મૂંઝવણ રહેશે. કશુક આશ્ચર્યજનક બનવાની શક્યતા છે. તમારી પ્રેરણાશક્તિ પર શ્રધ્ધા રાખો અને સંપૂર્ણ આત્મનિર્ભર બનવાના ઊદ્દેશ સાથે આગળ વધો. **સ્ત્રીવર્ગ માટે :** મિત્રો કે સંબંધીઓ ઘરે આવતા ભારે ખર્ચની શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ)** : તમારે કામમાં સંપૂર્ણ ડૂબેલા રહેવું પડશે. નજીકના ભવિષ્યમાં એમાંથી કોઈ છુટકારો નહી મળે અને તમને એનો અફસોસ પણ નહી હોય. નિરર્થક વિધિઓમાં અટવાયેલા રહીને મહત્વની કામગીરીને અસર ન પહોંચે એનું વિશેષ ધ્યાન રાખજો. ફેમિલીના યુવાન મેમ્બરોમાં સમજદારી કેળવાય એટલા માટે અવારનવાર તેમને સમજાવવાનો પ્રયાસ કરતા રહેજો. સટ્ટો કરશો તો આ સમયમાં પૈસો ગુમાવો એવી શક્યતા છે. એક ખાસ મૈત્રીમાં સંઘર્ષ ઊભો થવાની શક્યતા છે એટલે એ જાળવી રાખવા ઈચ્છો છો કે નહીં એ વિશે મનોમન નક્કી કરો લો. **સ્ત્રીવર્ગ માટે :** એકાદ નબળી પળ તમને સમાધાન કરવાની સ્થિતિમાં લાવી દેશે. કઈ દિશામાં આગળ વધવું એ વિશે સહેજ વિમાસણ ઊભી થશે.

# ધૂમ્રપાન Quit Smoking વ્યસન



● આદત છોડવી છે, પ્રયાસ કર્યા, પણ ફરી ફૂંકવાનું શરૂ થયું. કારણ નથી સમજાતું? સામાન્ય અનુભવ છે.

● ૭૫% પીનારને આદતથી છૂટવું છે.

● અસંખ્ય પીનારના નિષ્ફળ પ્રયાસ થાય છે.

● વ્યસનનો નશો છે.

● તંબાકુની અંદર રહેલા ‘નિકોટિન’ કેમિકલનું જબરજસ્ત વ્યસન છે

● છોડવું છે પણ છૂટતું નથી નું કારણ નિકોટિન છે. નિષ્ફળ પ્રયાસ બાદ વ્યક્તિ નર્વસ, હતાશ-નિરાશ બને છે.

● વ્યક્તિ વ્યક્તિને નિકોટિનની અસર અલગ અલગ હોય છે.

ધૂમ્રપાન કર્યા બાદ ૧) ધુઆ ફેફસામાં જાય છે અને નિકોટિન રક્તમાં બહુજ ઝડપી ચૂસાય શોષાય છે. અને મગજ-બ્રેનમાં ૨૦ સેકન્ડમાં જ પહોંચી જાય છે. ૨) વ્યક્તિના સોચ-વિચાર, વર્તન ઉપર વ્યાપક અસર કરે છે. દવા-ગોળી જેવી જ અસર કરે. લઈએ ત્યારે સારું લાગે અને છોડીએ ત્યારે ‘તલપ’ લાગે છે. બંધ કરતા બેચેની અનુભવાય છે. આદત મન-તનથી બંધાય છે.

તમારા મન ઉપરનું કંટ્રોલ નબળું, ઢીલું બને છે ત્યારે ધૂમ્રપાન રોજની દિનચર્ચાનો હિસ્સો બને છે. છોડ્યા બાદ, સારુ સ્વાસ્થ્ય થાય. ત્યારે સમજાય કે વ્યક્તિની અનેક પ્રવૃતિ ધૂમ્રપાનના સંબંધમાં હતી. સવારના ઉઠતા, જમ્યા બાદ, ટીવી જોતા, કામના બ્રેક, ડ્રાઈવીંગ, વાચંન, દારૂ, ચા, કોફી વખતે ધૂમ્રપાન વધારે થાય છે. સચ્ચી સમજ બાદ સમજાય કે આના વગર ચાલી શકે છે.

સિગરેટમાં ૪૦૦૦ કેમિકલો-રસાયણો હોય છે. અનેક કેમિકલ મોઢા, ગળા, સ્વર પેટી, ફેફસાના કેન્સર, શ્વાસનળીમાં સોજા, સંકોચન કરે છે. દમની બીમારી થાય છે.

**ધૂમ્રપાન છોડ્યા બાદ સારા સમાચાર એ કે શરીર ફરી સારું થાય છે.**

● ૨૦ મિનિટ બાદ હ્રદયની ગતિ નોર્મલ થાય છે.

● ૧૨ કલાક બાદ કાર્બન મોનક્સાઈડ લેવલ ઘટે છે.

● ૨ થી ૧૨ અઠવાડીયા બાદ રક્તભ્રમણ સુધરે છે.

● ફેફસા સારા કામ કરે છે.

● ૧-૯ મહિના બાદ શ્વાસ, ખાંસીની તકલીફ, ચેપ, ઘટે છે. બલગમ સરળ રીતે નીકળે છે.

● ૧ વર્ષ બાદ હ્રદયરોગ બીમારીનું પ્રમાણ ૫૦% ઓછું થાય છે.

● ૫ વર્ષ બાદ બ્રેન સ્ટ્રોકના ચાન્સ ઘટે છે.

● ૧૦ વર્ષ બાદ ફેફસા કેન્સરનું પ્રમાણ ૫૦% ઘટે છે.

● ૧૫ વર્ષ બાદ હ્રદયની સ્થિતિ ધૂમ્રપાન ન કરેલા વ્યક્તિ જેવી થાય છે.

● કુટુંબીક, નોકરી-ધંધા, સામાજીક ગમતી પ્રવૃત્તિઓની જવાબદારી સારી સ્ફૂર્તિથી કરી શકે એવું મનોબળ ઊંચકાય છે.

તમારા ડૉક્ટરના માર્ગદર્શન-સલાહ હેઠળ ધૂમ્રપાન છોડવું શક્ય છે જ!

– ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

Click Here

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે મુલુંડની હોસ્પિટલોમાં દર્દીઓને ફળોનું વિતરણ કરાયું



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે મુલુંડ મેટરનિટી હોસ્પિટલ અને અગ્રવાલ હોસ્પિટલમાં પૂર્વ નગરસેવિકા સમિતા કાંબલે દ્વારા દર્દીને ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું પ્રસંગે વોર્ડ પ્રમુખ સુનિલ ટોપલે, સુરેશ ઠક્કર, અરવિંદ ટાંક, હેમા જૈન, જ્યોતિ કુશવાહા, ઉર્મિલા મોર્યા, મીના ભાજપના વોર્ડ ક્રમાંક ૧૦૭ ના કાર્યકરો હાજર હતા.

## ભૂતપૂર્વ નગરસેવિકા સમિતા કાંબલે દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



દર વર્ષની જેમ આ વર્ષે પણ મનોજભાઈ કોટક અને ધારાસભ્ય શ્રી મિહિરભાઈ કોટેચાના માર્ગદર્શન હેઠળ ગણેશ વિસર્જન પછી થતા કચરાનું નિવારણ કરવા માજી નગરસેવિકા સમિતા કાંબલે દ્વારા સ્વચ્છતા મિશન હાથ ધરાયું હતું. મુલુંડ પાંચ રસ્તા ખાતે તેમના કાર્યકરો અને નગરપાલિકાના સફાઈ કામદારોએ વિસર્જન પછી થતા કચરો સાફ કરી સ્વચ્છ શહેરનો સંદેશ આપ્યો હતો. આ ડ્રાઈવમાં સવિતા રાજપૂત, દીપા કદમ, ઉર્મિલા મોર્યા, જ્યોતિ કુશવાહા, સુનિલ સદાનંદ ટોપલે આદિ જોડાયા હતા.















**Click Here**



# સત્યધ્યાન વિદ્યાપીઠમાં પૂ.શ્રી સત્યાત્મા સ્વામીજીના ચાતુર્માસનો ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો

મુલુંડમાં આંબેડકર રોડ સ્થિત સત્યધ્યાન વિદ્યાપીઠમાં ઉત્તરાદી મઠના ૧૦૦૮ શ્રી સત્યાત્મા સ્વામીજીનો ચાતુર્માસના ભવ્યાતિભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ કાર્યક્રમ એટલી સુંદર રીતે ઉજવાયો હતો કે ભાવિકો તેની વિદ્યાપીઠ દ્વારા આજ સુધી ઉજવાયેલા કાર્યક્રમોમાં સૌથી શ્રેષ્ઠ અને ઐતિહાસિક કાર્યક્રમ તરીકે ગણના કરી રહ્યા છે.

આ કાર્યક્રમના સફળ આયોજનમાં ધર્મેશ મીરાણીએ આપેલા સહકારનો સિંહફાળો રહ્યો હતો. ધર્મેશભાઈએ આ કાર્યક્રમ માટે સત્યધ્યાન વિદ્યાપીઠને લાગીને આવેલો વિશાળ પ્લોટ, તેના પર આવેલા સ્ટોર રૂમ્સ, બાથરૂમ્સ, વોશરૂમ્સ તેમ જ ઈલેક્ટ્રીસીટી સહિત દરેક સગવડ કોઈ પણ ચાર્જ લીધા વિના આપી હતી. સત્યધ્યાન વિદ્યાપીઠના ટ્રસ્ટીઓ, ભક્તો અને શુભેચ્છકોએ મીરાણી પરિવારનો આભાર માનતો અને તેમના સ્વસ્થ અને સુખી જીવનમાટે શુભકામના વ્યક્ત કરતો પત્ર પાઠવ્યો હતો.

# કિટો આહારના સંભવિત જોખમી પરિબળો

આજકાલ ઘણા લોકો વજન ઘટાડવા માટે કિટો આહાર (ડાયેટ પ્લાન) અપનાવે છે જેમાં બહુ ઓછા પ્રમાણમાં કાર્બોહાઈડ્રેટ (Low Carb), મધ્યમ પ્રમાણમાં પ્રોટીન (mid-Protein) અને ખૂબ વધુ પ્રમાણમાં ચરબી (high Fat) વાળા આહારનો સમાવેશ થાય છે. આ કિટો આહાર અપનાવવામાં કેટલાક સંભવિત જોખમી પરિબળોનો સમાવેશ થાય છે તે વિષે આપણે આજે ચર્ચા કરીશું.



## સ્વાસ્થ્ય સુધા

લેખક
રીટા જૈન
9819070772
DIETICIAN
(Msc. In food science and datetics), specelization in Diebeties educator, yoga and wellness coach.

**૧. એલડીએલ કોલેસ્ટ્રોલમાં વધારો :**

કેટોજેનિક આહાર અપનાવતી કેટલીક વ્યક્તિઓના એલડીએલ (ખરાબ) કોલેસ્ટ્રોલમાં વધારો જોવા મળી શકે છે, ખાસ કરીને એલડીએલ કોલેસ્ટ્રોલના કણો (પાર્ટીકલ્સ)નું કદ. નાના, ગીચ એલડીએલ કોલેસ્ટ્રોલના કણોને લીધે એથરોસ્ક્લેરોસિસ (ધમનીઓનું સખત થવું) અને હૃદય રોગ થવાનું ઊંચું જોખમ રહેલું છે.

**૨. પોષક તત્ત્વોની ઉણપ :**

કિટો આહારનું લાંબા સમય સુધી પાલન કરવાથી હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે એવા ફળો, શાકભાજી અને આખા અનાજ ખાવા ઉપરના પ્રતિબંધને કારણે ફાઈબર, વિટામિન્સ અને ખનિજો જેવા આવશ્યક પોષક તત્વોની ઉણપ થઈ શકે છે.

**૩. ઉચ્ચ પ્રમાણમાં સંતૃપ્ત (Saturated Fats) નું સેવનઃ**

કિટો આહારમાં મોટાભાગે સંતૃપ્ત ચરબીનો મોટા પ્રમાણમાં સમાવેશ થાય છે, જે વધુ પડતી માત્રામાં લેવાથી હૃદય અને રક્તવાહિનીઓના રોગ (cardiovascular disease)ના જોખમમાં વધારો કરવામાં ફાળો આપી શકે છે.

**નિષ્કર્ષ :**

જો કેકિટો આહાર વજન ઘટાડવામાં, કોલેસ્ટ્રોલ રેશિયોને સુધારવામાં અને લોહીમાં સુગરના બહેતર નિયંત્રણ દ્વારા હૃદયના સ્વાસ્થ્ય લાભો પ્રદાન કરી શકે છે, પરંતુ ખાસ કરીને એલડીએલ કોલેસ્ટ્રોલમાં સંભવિત વધારો અને સંતૃપ્ત ચરબીના સેવનને કારણે કાર્ડિયોવેસ્ક્યુલર સ્વાસ્થ્ય પર તેની લાંબા ગાળાની અસરો વિવાદાસ્પદ રહી છે. આહાર શરૂ કરતા પહેલા વ્યક્તિગત સલાહ માટે હેલ્થકેર પ્રોફેશનલની સલાહ લેવી મહત્વપૂર્ણ છે.







Click Here


JHUMEGI RAAT...
RAAS RANG KE SATH...
CREDAI-MCHI THANE
ASHAR
PROMISES DELIVERED
Presents
THANE
રાસ રંગ
2024
03-12 October 2024
7 PM to 10 PM
FIROZ LADKA
HELI MAJMUDAR
Bollywood Dhol King
Hanif Aslam
with
Umesh Barot
RUPALI KASHYAP
DRAVITA CHOKSI OBEROI
THIS YEAR VENUE
OCTROI GROUND KOPRI THANE,
NEAR HARIOM NAGAR, EASTERN EXPRESS HIGHWAY, THANE (W)
SCAN HERE
TO BOOK YOUR TICKETS
For Sponsorship and Advertisment
9322682010/8828802198
SCAN FOR LOCATION
Tickets Available On book my show
Follow us on:
www.raasrang.in
Supported By
Media Partner
Door Partner
Live Telecast On
Outdoor Partner
Barter Partner
Radio Partner
जनसेवा प्रतिष्ठान
KALPATARU
DOORS & PLYWOOD
India's No.1 Door Company
सोहम
BRIGHT
BXI
Radio City
BIG FM
104.8 FM

# Click Here

## મુલુંડના રક્ષિત મેદાન પર કાટમાળ ઠાલવીને જમીન હડપ કરવાની યોજના?

મુલુંડ પૂર્વ ફાયર બ્રિગેડની સામે મનોરંજનના મેદાન માટે અનામત રાખવામાં આવેલ સરકારી પ્લોટ મનોરંજન માટે અનામત છે અને તેના પર અનેક અનધિકૃત બાંધકામો કરવામાં આવ્યા છે જેની એક પિટિશન એડ્વોકેટ સાગર દેવરે દ્વારા દાખલ કરવામાં આવી છે. ઉપરોક્ત અરજીની સુનાવણીમાં મુંબઈ મહાનગરપાલિકાએ સોગંદનામું રજૂ કર્યું છે અને જણાવ્યું છે કે મ્યુનિસિપલ કોર્પોરેશન જમીન મનોરંજનના મેદાન માટે ઈચ્છે છે અને કલેક્ટર કચેરીએ પણ સ્પષ્ટતા કરી છે કે ઉક્ત જમીન મનોરંજનના મેદાન માટે આરક્ષિત છે અને તમામ બાંધવામાં આવેલ બાંધકામો અનધિકૃત છે. આમ છતાં પાલિકા એસડબલ્યુએમ વિભાગના કોન્ટ્રાક્ટરને જગ્યા પર રોડ બનાવવાની મંજૂરી કેવી રીતે આપી શકે તેવો પ્રશ્ન સ્થળના નાગરિકો ઉઠાવી રહ્યા છે. મૂળભૂત રીતે રહેણાંક વિસ્તારમાં સરકારી જમીન પર મનોરંજન માટે જમીન અનામત રાખવામાં આવી છે અને તે સંદર્ભે કેસ હજી પેન્ડિંગ છે.

# હાઈકોર્ટની જલદ ટિપ્પણી : SRA બિલ્ડિંગ એટલે હાઈરાઈઝ ઝૂંપડપટ્ટી

મુંબઈ શહેરમાં ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસ (સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી-એસઆરએ) તરીકે જે ઈમારતોનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે એ બાંધકામ નબળું હોવા અંગે બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે ચિંતા વ્યક્ત કરી આ બાંધકામ 'વર્ટિકલ સ્લમ' ઊભી ઝૂંપડપટ્ટી છે એવો કટાક્ષ કર્યો હતો. ન્યાયમૂર્તિ જી એસ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ સોમશેખર સુંદરેસનની ખંડપીઠે જણાવ્યું હતું કે આ ઈમારતો વચ્ચેની જગ્યા ખૂબ જ સાંકડી હોવાથી હવા ઉજાસ ઘરમાં નથી પહોંચી શકતાં. અદાલતે જણાવ્યું હતું કે 'આ ઊભી ઝૂંપડપટ્ટીઓ અમને યોગ્ય નથી લાગતી. બાંધવામાં આવેલી ઇમારતો વચ્ચે બહુ જગ્યા નથી હોતી. હવાઉજાસના આવનજાવન માટે કોઈ જગ્યા જ નથી. બે ઈમારત વચ્ચે પણ સાંકડમોકડ જોવા મળે છે. આવા બાંધકામને કારણે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ ઊભી થશે. આના કરતાં તો અતિક્રમણ કરીને એ લોકો (ઝૂંપડપટ્ટીવાસીઓ) રહે એ એમના હિતમાં છે.' ખંડપીઠે આ બાબતને બંધારણની કલમ ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર) સામે ગંભીર મુદ્દો ગણાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે જારી કરેલા નિર્દેશો બાદ મહારાષ્ટ્ર સ્લમ એરિયા (ઇમ્પ્રુવમેન્ટ, ક્લિયરન્સ એન્ડ રિડેવલપમેન્ટ) એક્ટનું 'પર્ફોર્મન્સ ઓડિટ' હાથ ધરવા માટે ગયા મહિને ખંડપીઠની રચના કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતે આ કાયદાની કામગીરી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. વિદેશમાં જાહેર આવાસ યોજનાનાં ઉદાહરણો ટાંકી હાઈ કોર્ટે શુક્રવારે કહ્યું હતું કે કાયદાની જોગવાઈઓનો કડક અમલ થવો જોઈએ. અદાલતે નોંધ્યું હતું કે શહેરમાં સ્થળાંતરિત કામદારોનો ધસારો વધતો રહેશે, અને અધિકારીઓએ થોભો અને રાહ જુઓની નીતિ ન અપનાવી જોઈએ. અદાલતે મામલાની વધુ સુનાવણી ૧૫ ઓક્ટોબર પર મુલતવી રાખી છે.

# મનપા દ્વારા થાણે-મુલુંડ વોટર ટનલનું કામ શરૂ કર્યું



મુંબઈના પાણી પુરવઠાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરવા તરફના એક મહત્વપૂર્ણ પગલારૂપે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એ થાણેમાં યેવઈ અને કશેલીને મુલુંડથી જોડતી ૨૧ કિલોમીટરની પાણીની અવરજવર ટનલ પર કામ શરૂ કર્યું છે. પૂર્વીય ઉપનગરોમાં પાણી પુરવઠો વધારવાનો પ્રોજેક્ટ હાલના પાઈપલાઈન નેટવર્કને પૂરક બનાવશે જેને બેકઅપ તરીકે જાળવી રાખવામાં આવશે.

ટનલ બાંધકામ અંદાજે રૂ. ૪,૫૦૦ કરોડના ખર્ચે બે તબક્કામાં અમલમાં થશે. સંબંધિત પ્રશાસનના અધિકારીના જણાવ્યા અનુસાર વર્ક ઓર્ડર જાહેર કરવામાં આવ્યો છે અને બાંધકામ આગામી મહિનામાં શરૂ થવાનું છે. એકવાર કામ પૂર્ણ થયા પછી આ પ્રોજેક્ટ મુંબઈની પાણી વિતરણ વ્યવસ્થાને મજબૂત બનાવશે, લીકેજનું જોખમ ઘટાડશે અને વધુ વિશ્વસનીય પાણી પુરવઠાની ખાતરી કરશે.

કશેલીથી મુલુંડ સુધીની પાણીની ટનલ હાલના મુંબઈ-નાસિક હાઈવેના વિસ્તરણ સાથે પેરેલલ થવાની અપેક્ષા છે. ઉપરાંત બીએમસી યેવઈ જળાશયથી કશેલી સુધીની ૧૪ કિમીની ટનલ પણ બાંધશે. માર્ચમાં ટેન્ડર બહાર પાડ્યા પછી મનપાએ હવે કોન્ટ્રાક્ટરની નિમણૂક કરી છે અને બંને ટનલ છથી સાત વર્ષમાં પૂર્ણ થવાની ધારણા છે.

૧૧૦ મીટર ભૂગર્ભ ટનલ બાંધવાના નિર્ણયનો ઉદ્દેશ્ય સપાટી-સ્તરના માળખાગત વિકાસને કારણે પાણીની પાઇપલાઇનને નુકસાનના જોખમને ઘટાડવાનો છે. મનપા અધિકારીએ જણાવ્યું હતું કે, પાણી પુરવઠાને ભૂગર્ભમાં લઈને લીક થવાની અને દૂષિત થવાની શક્યતા ઓછી થશે.

મનપા શહેરના પાણી પુરવઠાને મજબૂત કરવા માટે અન્ય મોટા ટનલ પ્રોજેક્ટ્સ પર પણ વિચાર કરી રહી છે, જેમાં મરોલ અને માહિમ, મલબાર હિલ અને ક્રોસ મેદાન, અને વેરાવલી અને યારી રોડ, તેમજ ગુંદાવિલી અને ભાંડુપ કોમ્પ્લેક્સ વચ્ચેના જોડાણનો સમાવેશ થાય છે.

## ગર્ભાવસ્થા દરમ્યાન થતો ડાયાબિટીસ : Gestational Diabetes Mellitus (GDM)




*આ પ્રકારનો ડાયાબિટીસ સગર્ભા સ્ત્રીઓમાં થાય છે અને તેને સગર્ભાવસ્થા (ગેસ્ટેશનલ) ડાયાબિટીસ મેલીટસ (જીડીએમ) તરીકે ઓળખવામાં આવે છે. તે ગર્ભાવસ્થા દરમિયાન થાય છે અથવા સામાન્ય રીતે ગર્ભાવસ્થાના બીજા અથવા ત્રીજા ત્રિમાસિકમાં પ્રથમ વખત જોવા મળે છે. સગર્ભા સ્ત્રીઓના શરીરમાં થતા હોર્મોનલ ફેરફારોના પરિણામે જીડીએમ થઈ શકે છે. ગર્ભાવસ્થા દરમિયાન, ગર્ભનાળ (પ્લેસેન્ટા) એક એવું હોર્મોન છોડે છે જે લોહીમાં સુગરના સ્તરને નિયંત્રિત કરનારા હોર્મોનના કાર્યમાં દખલ કરે છે જો શરીર સગર્ભાવસ્થા દરમિયાન ઇન્સ્યુલિનની વધતી જતી માંગ સાથે તાલમેલ સાધી ન શકે, તો જીડીએમ થવાની શક્યતા રહે છે.*

***જીડીએમ આપને અને આપના બાળકને કેવી રીતે અસર કરે છે?***

*જીડીએમ ધરાવતી મોટાભાગની સ્ત્રીઓ તંદુરસ્ત ગર્ભાવસ્થામાંથી પસાર થઈને તંદુરસ્ત બાળકને જન્મ આપે છે. પ્રારંભિક નિદાન, યોગ્ય સારવાર અને વારંવાર તપાસણી તંદુરસ્ત ગર્ભાવસ્થા અને તેના પરિણામોને સુનિશ્ચિત કરે છે. પરંતુ, જો લોહીમાં ગ્લુકોઝનું સ્તર નિયંત્રિત ન થાય તો તે જીડીએમ ધરાવતી માતા અને તેના બાળક માટે ચોક્કસ જોખમો વધારે છે.*

***ગર્ભાવસ્થા દરમિયાન તમારે કઈ વધારાની કાળજી લેવાની જરૂર છે?***

*આપના બ્લડ ગ્લુકોઝના સ્તરને યોગ્ય પ્રમાણમાં રાખવા માટે કાળજી લેવી જોઈએ. આપના બ્લડ ગ્લુકોઝના સ્તરને નિયંત્રિત કરવું એ ગર્ભાવસ્થા અથવા જન્મ દરમિયાન સમસ્યાઓ અટકાવવાની ચાવી છે. તમારા ડોક્ટર તમને તમારા લક્ષ્યો નક્કી કરવામાં મદદ કરશે.*

***આપના બ્લડમાં ગ્લુકોઝના સ્તરને નિયંત્રિત કરનારા મુખ્ય પરિબળો***

*૧. **સ્વસ્થ આહાર :** સંતુલિત, મધ્યમ કાર્બોહાઇડ્રેટ, પર્યાપ્ત પ્રોટીન, તંદુરસ્ત ચરબી અને ઉચ્ચ ફાઇબર યુક્ત આહાર તંદુરસ્ત ગર્ભાવસ્થા અને બાળજન્મ સુનિશ્ચિત કરશે. આપ સમજદારીપૂર્વક ખોરાક પસંદ કરવા માટે ડાયેટિશિયનની મદદ લઈ શકો છો. તેમના દ્વારા સૂચવેલો ડાયેટ પ્લાન આપને અને આપના બાળક માટે જરૂરી પોષણ પૂરું પાડશે અને સાથે સાથે તમારા બ્લડ ગ્લુકોઝનું સ્તર પણ વધવા નહીં દે.*

*૨. **શારીરિક પ્રવૃત્તિ :** દરરોજ ઓછામાં ઓછી 30 મિનિટ કસરત કરવાનું લક્ષ્ય રાખો.*

*• ચાલવું • સ્વિમિંગ-તમને આરામદાયક લાગતો સ્ટ્રોક પસંદ કરો. • ગર્ભાવસ્થા દરમ્યાન કરી શકાય તેવા હળવા એરોબિક વર્ગો • પાણીની કસરતના વર્ગો-પાણીનું તાપમાન ૨૮ ડિગ્રીથી વધુ ન હોવું જોઈએ. • પિલાટેસ • યોગ.*

*૩. **નિયમિત સ્વ-નિરીક્ષણ :** સ્વ-નિરીક્ષણ તમે આહાર, કસરત અને સારવારને કેટલો સારો પ્રતિસાદ આપી રહ્યાં છો તે સમજવામાં મદદ કરી શકે છે અને તમારા ડોક્ટરને સારવાર વધુ અસરકારક બનાવવામાં મદદ કરી શકે છે.*

*બ્લડ ગ્લુકોઝ ઉપર સારી રીતે નિયંત્રિત ધરાવતી મોટા ભાગની સ્ત્રીઓ ગૂંચવણો (કોમ્પ્લિકેશન) વિના તંદુરસ્ત બાળક જન્મ આપે છે.*

Click Here



# ગોરેગાંવ મુલુંડ લિંક રોડ સિગ્નલ ફૂટપાથની દુર્દશા ક્યારે સુધરશે?

લાંબા સમયથી ગોરેગાંવ મુલુંડ લિંક રોડ સોનાપુર સિગ્નલ પાસેની ફૂટપાથની હાલત ખસ્તા અવસ્થામાં છે. જેને લીધે રાહદારીઓ સમયાંતરે ઈજાગ્રસ્ત થતાં રહે છે.

આ દુર્દશા જલદી સુધારી નાગરિકોને રાહત આપવી જરૂરી છે.

# મેટ્રો લાઈન-૪ના ટ્રેક પ્લીન્થનું કામ તેજ ગતિથી શરૂ થયું



**મુંબઈ મેટ્રો લાઈન-૪ના ટ્રેક પ્લીન્થનું કામ માજી વાડા પાસે શરૂ કરાયું. આપુર્વ કીર્તિ ઈન્ફ્રાસ્ટ્રક્ચરએ બ્લાસ્ટ લેસ ટ્રેક મુલુંડ ફાયર બ્રિગેડથી ગાયમુખ સુધી બેસાડવાનું તેજગતિથી કાર્યનો પ્રારંભ કર્યો.**

# મુલુંડ ચેકનાકા પાસે રસ્તા રોકો આંદોલન કરી રહેલા AIMIMના દેખાવકારો વિરૂદ્ધ FIR નોંધાઈ

સોમવારે મોડી રાત્રે કોપરી હાઇવે પર AIMIM કાર્યકર્તાઓની વિરોધ રેલી બાદ, દેખાવકારો વિરૂદ્ધ રસ્તો રોકો માટે FIR નોંધવામાં આવી છે.સોમવાર, તા. ૨૩ સપ્ટેમ્બરના લગભગ ૧૧.૩૦ વાગ્યાની આસપાસ AIMIM પાર્ટીના સભ્યોએ દાવો કર્યો હતો કે તેમના સાંસદ ઈમ્તિયાઝ જલીલ સુધી પહોંચી શકાય તેમ નથી અને તેઓ વર્તમાન પરિસ્થિતિથી અજાણ હતા અને તેઓ હાઈવે પર કલાકો સુધી રાહ જોઈ રહ્યા હતા. પોલીસે ભીડને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જનો પણ આશરો લીધો હતો.

AIMIM ના ભૂતપૂર્વ સાંસદ ઇમ્તિયાઝ જલીલની આગેવાની હેઠળના એક મોટા વિરોધ મોરચામાં, અન્ય રાજકીય અને સામાજિક જૂથો સાથે, મુસ્લિમ સમુદાયના ૧૨,૦૦૦થી વધુ



સભ્યોએ ભાજપના ધારાસભ્ય નિતેશ રાણે અને ઉપદેશક રામગીરી મહારાજ સામે તેમના કથિત દ્વેષપૂર્ણ ભાષણો બદલ પગલાં લેવા માટે એકઠા થયા હતા. જો કે, સોમવારે મોડી રાત્રે વિશાળ ભીડને મુંબઈમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી ન હતી અને મુલુંડ ચેક નાકાથી પરત ફરવું પડ્યું હતું.

'તિરંગા સંવિધાન રેલી' નામના આ વિરોધ મોરચાની શરૂઆત છત્રપતિ સંભાજીનગરથી થઈ હતી અને તેમાં મરાઠવાડાના વિવિધ ભાગોમાંથી સેંકડો વાહનો સમૃદ્ધિ એક્સપ્રેસ વે દ્વારા મુંબઈ તરફ જતા હતા. આ કાફલાને કારણે ટ્રાફિકમાં મોટો અવરોધ ઊભો થયો હતો. પ્રથમ વખત કોઈ વિરોધ રેલીએ એક્સપ્રેસ વેને જામ કર્યો હતો. પોલીસે આ રેલીને મુલુંડ ચેકનાકા પાસે રોક્યો હતો અને રસ્તા રોકો કરવા માટે તેમને ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ તેમની વિરુદ્ધ FIR નોંધી હતી.

મુલુંડ ચેકનાકા પર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે સોમવારે રાત્રે ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું હતું. એડિશનલ પોલીસ કમિશનર, એસીપી અને વરિષ્ઠ પોલીસ ઇન્સ્પેક્ટર પણ સ્થળ પર હાજર હતા.

# કોર્ટિકલ વિઝ્યુઅલ ઈમ્પેરમેન્ટ (સીવીઆઈ) અંગે જાગૃતિનો મહિનો




**સીવીઆઈ શું છે?**

સેરેબ્રલ વિઝ્યુઅલ ઈમ્પેરમેન્ટ (જેને ઘણીવાર કોર્ટિકલ વિઝ્યુઅલ ઈમ્પેરમેન્ટ અથવા સીવીઆઈ કહેવાય છે) એ મગજના તે ભાગોને નુકસાન થવાને કારણે થતી સમસ્યા છે જે ભાગ આંખ સામેની વસ્તુને જોવાની અથવા દ્રષ્ટિમાં પરિવર્તિત કરવાની પ્રક્રિયા કરે છે. તે બાળકો અને નાના બાળકોમાં સૌથી સામાન્ય છે, પરંતુ પુખ્તાવસ્થામાં પણ ચાલુ રહી શકે છે.

સીવીઆઈ ધરાવતા બાળકને દ્રષ્ટિની સમસ્યા હોય છે જે તેમના મગજને કારણે થાય છે અને જે તેમની આંખોની સમસ્યા દ્વારા સમજાવી શકાતી નથી. સામાન્ય રીતે, આંખો મગજને વિદ્યુત સંકેતો (ઇલેક્ટ્રિકલ સિગ્નલ) મોકલે છે, અને મગજ તેમના ઉપર પ્રક્રિયા કરીને એ સંકેતોને તમે જુઓ છો તે દૃશ્યોમાં પરિવર્તિત કરે છે. જો તમને સીવીઆઈની સમસ્યા હોય, તો તમારા મગજને આ સિગ્નલો પર પ્રક્રિયા કરવામાં અને સમજવામાં તકલીફ પડે છે.

યુનાઇટેડ સ્ટેટ્સમાં સીવીઆઈ એ બાળકોમાં દ્રષ્ટિ ગુમાવવાનું મુખ્ય કારણ છે. સીવીઆઈ ધરાવતા કેટલાક બાળકો માટે, સમય જતાં દ્રષ્ટિ સારી થાય છે, પરંતુ દરેક વ્યક્તિ અલગ હોય છે. જો તમારા બાળકને સીવીઆઈની સમસ્યા હોય, તો ખાતરી કરો કે તેમને વિકાસ અને શીખવામાં મદદ કરવા માટે પ્રારંભિક નિદાન અને ઉપચાર, શૈક્ષણિક સહાય અને અન્ય વિશેષ સેવાઓ મળી રહે છે.

**સીવીઆઈના લક્ષણો શું છે?**

સીવીઆઈ દષ્ટિની વિવિધ પ્રકારની સમસ્યાઓનું કારણ બની શકે છે જે હળવીથી ગંભીર સુધીની હોઈ શકે છે. સીવીઆઈ ધરાવતા બાળકોને નીચે જણાવેલી બાબાતોમાં મુશ્કેલીઓ પડી શકે છે :

- તેઓ જે વસ્તુઓ જુએ છે તેની સામે પ્રતિક્રિયા આપવામાં મુશ્કેલી
- તેમની આંખ સામે જે હોય તેના અમુક ભાગોને જોવું, જેમ કે વ્યસ્ત ગતિશીલ દ્રશ્યો
- ચહેરાઓ અને વસ્તુઓને ઓળખવામાં મુશ્કેલી
- સાંકડી કે વેરણછેરણ પડેલી જગ્યાઓમાં પડેલી વસ્તુઓને ઓળખવામાં મુશ્કેલી
- તેઓ જેને જોઈ રહ્યા હોય તે વસ્તુ સુધી પહોંચવામાં મુશ્કેલી
- તેઓ શું જોઈ રહ્યા છે તે સમજવામાં મુશ્કેલી

માતા-પિતાને તેમના સીવીઆઈ ધરાવતા બાળકમાં આ લક્ષણો પણ દેખાઈ શકે છે.

- દ્રશ્ય સંકેતો પર ધીમે ધીમે પ્રતિક્રિયા આપે છે
- હલનચલન કરતી વસ્તુઓને જોવાનું પસંદ કરે છે
- વસ્તુઓને તેમની દ્રષ્ટિના ચોક્કસ ભાગમાં જોવાનું પસંદ કરે છે, જેમ કે તેમની પેરિફેરલ (બાજુની) દ્રષ્ટિ સાથે
- સીવીઆઈ ધરાવતા કેટલાક બાળકો પ્રકાશના સ્ત્રોત તરફ એકીટશે જોતા હોય છે (જેમ કે દીવાઓ અથવા સૂર્ય), જ્યારે અમુક સીવીઆઈ ધરાવતા બાળકો પ્રકાશ પ્રત્યે સંવેદનશીલ હોય છે.
- સીવીઆઈધરાવતા બાળકોમાં ઘણીવાર અન્ય વિકલાંગતા અથવા સ્વાસ્થ્ય સમસ્યાઓ હોય છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :
- વિકાસલક્ષી વિકલાંગતા
- સેરેબ્રલ પાલ્સી (મગજની વિકૃતિ જે હલનચલનની સમસ્યાઓનું કારણ બને છે)
- એપીલેપ્સી (મગજની વિકૃતિ જે શરીરમાં ખેંચના હુમલાનું કારણ બને છે)
- બહેરાશ અથવા સાંભળવામાં મુશ્કેલી

**સીવીઆઈ શેના કારણે થાય છે?**

સીવીઆઈમગજમાં ઇજાને કારણે થાય છે. મોટેભાગે, આ ઇજાઓ જન્મ પહેલાં, દરમિયાન અથવા તેના થોડા સમય પછી થાય છે. નાના બાળકોમાં CVIના સામાન્ય કારણોમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- મગજમાં ઓક્સિજન અથવા રક્ત પુરવઠાનો અભાવ-જે ઘણીવાર સ્ટ્રોકને કારણે હોય છે
- હાઈડ્રોસેફાલસ (જ્યારે મગજમાં પ્રવાહી જમા થાય છે)
- મગજ સુધી પહોંચતા ચેપ
- માથામાં ઈજા
- અમુક આનુવંશિક પરિસ્થિતિઓ વહેલા (પ્રિમેચ્યોર) જન્મેલા બાળકોમાં સીવીઆઈથવાની શક્યતા વધુ હોય છે.

**સીવીઆઈની સારવાર શું છે?**

સીવીઆઈ માટે કોઈ ઈલાજ નથી, પરંતુ દ્રષ્ટીનું પુનઃસ્થાપન (વિઝન રિહેબિલિટેશન) સીવીઆઈ ધરાવતા લોકોને તેમની દ્રષ્ટિનો મહત્તમ ઉપયોગ કરવામાં મદદ કરી શકે છે. સીવીઆઈ ધરાવતા કેટલાક બાળકો માટે, દ્રષ્ટિની સમસ્યાઓ સમય જતાં પોતાની મેળે સારી થઈ જાય છે. આંખના નિષ્ણાતોજાણી શક્ય નથી કે આવું શા માટે થાય છે.

જો તમારા બાળકને સીવીઆઈ હોય, તો તેમની સંભાળ અને સારવાર માટે શ્રેષ્ઠ વિકલ્પ શોધવા માટે આંખના નિષ્ણાત ડોક્ટર સાથે મળીને કામ કરવું મહત્વપૂર્ણ છે. કેટલાક બાળકોને સીવીઆઈ ઉપરાંત અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે સારવારની જરૂર પડી શકે છે.

Click Here

# हार्दिक अभिनंदन

## अखिल भारतीय श्री जैन श्वेताम्बर मूर्तिपूजक युवक महासंघ, न्यू दिल्ली




## श्री जीग्नेश हिंमतलाल दोशी

(राष्ट्रीय उपाध्यक्ष, अखिल भारतीय श्री जैन श्वेताम्बर मूर्तिपूजक युवक महासंघ, न्यू दिल्ली)

इनके द्वारा कीए गये सामाजीक कार्यो से प्रेरीत

क्राउन युनीवर्सीटी इन्टरनेशनल, अमेरीका (USA) द्वारा

**HONORARY DOCTORATE IN SOCIAL SERVICE**

की पदवी प्राप्त हुई है ।

अंतराष्ट्रीय अध्यक्ष : श्री सुनील जी सिंघवी (चेयरमैन व्यापारी बोर्ड-न्यू दिल्ली - भारत सरकार)

राष्ट्रीय संगठन मंत्री : श्री नरेंद्रजी भंडारी, मुंबई

अध्यक्ष : श्री हरेश कुमारपाल शाह, पूना

**Click Here**

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ







શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૨.૦૯.૨૦૨૪ના સવારે ૯.૩૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ (દેવપુંજ) ખાતે યોજવામાં આવેલ જેમાં મંડળના આજીવન સભ્યો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

સભાનુ પ્રમુખ સ્થાન મંડળના પ્રમુખ મયૂર મણિકાંત ધુલ્લાએ લીધેલ અને ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કરેલ. વાર્ષિક સામાન્ય સભાની શરૂઆત નવકાર મંત્રના પઠન સાથે કરી હતી.

મંડળ પ્રવૃતિનો વાર્ષિક અહેવાલ સેક્રેટરી જીગ્નેશ કુંવરજી મોતાએ આપેલ તેમજ ઓડિટેડ રિપોર્ટ અને અન્વેષિત એકાઉન્ટ રિપોર્ટ રાજેન્દ્ર મુલચંદ ધુલ્લા દ્વારા રજૂ કરવામાં આવેલ. મહિલા વિભાગનો વાર્ષિક અહેવાલ મહિલા પ્રમુખ શ્રીમતી વિરાજ મયૂર ધુલ્લા દ્વારા રજૂ કરવામાં આવેલ. એજન્ડા મુજબની કાર્યવાહી પૂર્ણ થતા પ્રમુખશ્રીએ વાસુપૂજ્ય દાદાની જય બોલાવેલ. સભા બાદ મંડળ વતી સામુદાયિક ક્ષમાપના કરાવવામાં આવેલ અને ત્યારપછી બધાએ ચા નાસ્તાની મજા માણી હતી.









**Click Here**

## નાટ્યમપૂજા અને ટ્વીઝરક્રેસ્ટ દ્વારા પ્રી-નવરાત્રી ઈવેન્ટ

# ‘નાટ્યમ ગરબા’નું ભવ્ય આયોજન







નાટ્યમપૂજાના સ્થાપક પૂજા દેઢિયા દ્વારા મુલુંડમાં પ્રથમ વખત પ્રી-નવરાત્રી ઇવેન્ટ‘નાટ્યમ ગરબા’નું ખૂબ જ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગરબા પ્રેમીઓઓએ ખૂબ મજા માણી હતી.

કાર્યકર્મની શરૂઆત માતાજીની આરતીથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ભાગ લેવા આવનાર સૌ ઉપસ્થિતોને પ્રવેશ સમયે ડિસ્કાઉન્ટ વાઉચર્સ આપવામાં આવ્યા હતા.

આ અનોખી સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકો ડહાણુ, પુણે, નાગપુર અને અન્ય અનેક સ્થળોથી આવ્યા હતા. આ ઇવેન્ટમાં ભાગ લેનારા સ્પર્ધકો એટલા ટેલેન્ટેડ હતા કે તેમાંથી વિજેતા નક્કી કરવાનું કામ નિર્ણાયકો (જજીસ) માટે પણ કઠિન હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે હતા સેલિબ્રિટી જજ જૈનિલ મહેતા અને એમની સાથે અન્ય જજ તરીકે ફોરમ ઓઝા અને ગોરલ જોશીએ નિર્ણાયકની ભૂમિકા નિભાવી હતી.

આ ભવ્ય ઇવેન્ટમાં ડાંડિયા કિંગ નૈતિક નાગડાની સરપ્રાઈઝ એન્ટ્રીએ સૌ ઉપસ્થિતોને ચકિત કરી દીધા હતા. સ્પર્ધકો માટે પણ કઠિન એવી આ સ્પર્ધામાં વિજેતાઓને ટ્રોફીઓ સહિત મોટા ઈનામો આપવામાં આવ્યા હતા જેમાં શ્રેષ્ઠ ગરબા રમનાર વિજેતાઓને ૯દિવસનો સ્પોન્સર કરેલો મનાલી પ્રવાસ, ભારે ડિઝાઇનર કપલ ડ્રેસ આઉટફિટ્સ, અને મોટા હેમ્પર્સ ઇનામ રૂપે આપવામાં આવ્યા હતા.





આ ઇવેન્ટના ટાઇટલ સ્પોન્સર હતા. ટ્વીઝરક્રેસ્ટ-સાગર રાઠોડ, જનરલ સ્પોન્સર : પેલેસ બેન્ક્વેટ-જય ગડા અને પાન્ડોરા પ્રોડક્શન-પ્રકાશ રાયમંગયા.

ગિફ્ટિંગ સ્પોન્સર: સેવન એડવેન્ચર ટૂર્સ-વિકાસ કનોજિયા, ક્વોરકી બક્સા-શીતલ વેદ, ઓલિવિયા-નિદા મેમણ, વસ્ત્રમોહ-કૃપા દેઢિયા, મૈત્રી ડિઝાઇન સ્ટુડિયો-મૈત્રી વોરા, ગ્રાફોલોજી બાય મહેક-મહેક વસા, રિદ્ધિ ડિઝાઇન સ્ટુડિયો-રિદ્ધિ ભાનુશાલી

મિડિયા પાર્ટનર : ગુર્જરમાત. સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા માટે જયંતભાઈ છેડા અને જસ્મિનાબેન છેડા ઉપસ્થિત રહ્યા હતા.

સ્પોન્સર: બ્લિસ ઘ યોગા સ્ટુડિયો-રચના શેઠિયા, આલ્મન્ડ બ્રેઈન એકેડેમી-તન્વી દેઢિયા અને દર્શન દેઢિયા. ફૂડ કેટરિંગ : ગીતા કેટરર્સ-પુનિત કુલેરિયા, ખાસ આભાર: જય ગડા (પેલેસ બેન્ક્વેટ)

આયોજનમાં સહયોગ આપનાર ટીમ : પ્રણય ઠક્કર, હસ્તી શાહ, ધૈર્ય જોબનપુત્રા, અવિન ગડા, સેજલ નાગડા.





સમગ્ર ઇવેન્ટનું સુંદર સંચાલન પ્રસિદ્ધ હોસ્ટ હિના ઠક્કરએ કર્યું હતું.


















Click Here

# મારા ડાયરીના થોડા પાનાં : ‘ફીલોસોફર અને યુવાનો’




ચીનના મહાન ફિલસૂફ લાઓત્ઝે કહતા ‘મને કોઈ હરાવી શકે તેમ નથી’. એક પહેલવાનથી આ સહન ન થયું. તેણે લાઓત્ઝે પાસે આવીને કુસ્તી માટે પડકાર ફેક્યો. લાઓત્ઝે કહે ‘કરો દિવસ નક્કી’ આઠ દિવસ પછી કુસ્તી થશે તેમ નક્કી કર્યું સમગ્ર ચીનના સમાચાર ફેલાઈ ગયા. લાઓત્ઝે કુસ્તી લડે છે.

તારીખ આવી સમય થયો એટલે લાઓત્ઝે મેદાન પર આવ્યા પહેલવાન પણ આવ્યો. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે લાઓત્ઝે અખાડામાં સૂઈ ગયા અને બોલ્યો. ‘પહેલવાન હવે મારી છાતી પર આપીને બેસો અને જનતાને જાણ કરો.’ હું વિજેતા બન્યો છું. હું જીતી ગયો છું. પહેલવાન મૂંઝાઈ ગયો. આવી કુસ્તી લડવાનો કે જીતવાનો શો અર્થ?

એ સમજી ગયો લાઓત્ઝના પગમાં પડ્યો અને બોલ્યો, ‘આપે તો જીતવાના અહંમને જીતી લીધો છે. પછી આપને કોણ હરાવી શકે?’ લાઓત્ઝે કર્યું એટલું જ કહું છું કે અને મને કોઈ હરાવી શકે તેમ નથી કારણ કે હું પ્રથમથી જ હારી ચૂક્યો છે. ચીનના બીજા ફિલોસોફર કન્યુશીંગ જણાવે છે. સાહિત્યકાર અને કલાકારની કોઈ જાત કે ધર્મ હોતો નથી. તેને માટે કોઈ ગામ કે રાજ્ય રાષ્ટ્ર હોતું નથી. તે લોકના પ્રતિનિધિ હોય છે. અને પોતાનું કાર્ય સમાપ્ત કરીને તે વિદાય લે છે. લોક સંસ્કૃતિ લોકભાષાનો તે હિમાયતી હોય છે. છતાં પણ તે સંકુચિત વિચારોઓથી પર હોય છે.

ગ્રીસ મહાન ચિંતનકાર અને ફિલોસોફર, એ ગ્રીસની સંસ્કૃતિના બહુ જ રત્ન હતા. સોક્રેટિસ, પ્લેટો, પાયગોરસ એમાંથી સોક્રેટિસએ માનવી સત્ય પૂજારી હતાં. મહાન નીતિવાન, ચારિત્ર્ય જેનું હતું એ સોક્રેટિસ એક અસામાન્ય વીર પુરૂષ હતો. તે સદ્‌ભાવી હતો લોકોની ભલાઈ માટે તેણે પોતાનું આયુષ્ય ખરચી નાખ્યું. તેની ઉત્તમ કોટીની નીતિમત્તા અને સદભાવ ભર્યું વર્તન સહન ન કરી શકનાર મેલી બુધ્ધિનો માણસો તેના પર ખોટો આરોપો મૂક્યાં હતાં.

સોક્રેટિસ અતિશય ધર્મપરાયણ મહામાનવ હતો. લોક અભિપ્રાયની તેને પરવા ન હતી. તેને મૃત્યુનો ભય ન હતો. તે પાક્કો સુધારક હતો. એથેન્સના સાર્વજનિક અને રાજકીય જીવનમાં જે નીતિભ્રષ્ટ્રતા પનપી હતી. તેને દૂર કરવા તે સતત પ્રયત્ન કરતો હતો. તેના આ લોકજાગૃતિના અભિનયથી તે એથેન્સના ઘણા માણસોના સંપર્કમાં આવ્યો. તેના વિચારોના પ્રભાવ એથેન્સના ઘણા યુવાનો મન પર પડ્યો. તેના વિચારોથી તે આકર્ષિત થયા.

તેની શિખામણમાં મુખ્યત્વે બીજાનું શોષણ કરીને પોતાની જાહોજલાલીમાં વૃધ્ધિ કરનાર માણસોને માટે તે અંતરાય રૂપ બનેલો પરંપરાથી ધર્મમાં ચાલી આપની રીત રસમનો તે પાલન કરતો હતો. પણ ધર્મના નામ પર ઉત્પન્ન થયેલ ભષ્ટ્રાચાર વિરૂધ્ધ તેણે સંઘર્ષનું આવાહન કરેલ. તેનું પોતાનું આચારણ શુધ્ધ હતું. જે સમાજમાં અતિશય ભૌતિક સુખનો ઉપયોગ કરનાર એક માલિક વર્ગ અને તેની સેવામાં આર્થિક ગુલામીમાં પનપનાર બહુસંખ્ય સેવકો વર્ગ નિર્માણ થાય છે. તે સમાજમાં શાંતિ અને સુખ નિર્માણ થવું અશક્ય છે.

જ્યાં બહુસંખ્ય આર્થિક ગુલામી ભોગવનાર સેવકવર્ગને પોતાની જીવનની અને પોતે સાધનો વડે જીવન જીવી શકનાર છે. તેના પર વિશ્વાસ નથી તે સમાજમાં શાંતિ અને નીતિમત્તા અશક્ય છે. સાર્વજનિક લોક સેવા આ એક ધર્મ છે. એ ધર્મ બુધ્ધથી તેની દિક્ષા લેવી જોઈએ. મંદિરમાં જઈને કે ઉપાસના કરીને જે મનને સુખ મળે છે. તે ધર્મનું બાહ્ય સ્વરૂપ છે.

સોક્રેટિસ સત્યના પૂજારી હતો. તે સમયમાં ગ્રીસના અલગ પ્રત્યે લોકશાહી હતી. ગ્રીસમાં લોકસભામાં જે સભ્ય હતા મોટા ભાગે શ્રીમત કુંટુંબમાં નબીરા હતો એ સભ્યો સોક્રેટીસ ઉપર આરોપ મૂકેલ કે ગ્રીસના યુવાનો ખોટા રસ્તે દોરે છે. જાહેર રસ્તા પર યુવાનો સમજતા હતાં. આપણો વિકાસ શાંતિ મારગે આવશે તે વખતે એન્સન અને ગ્રીસ વચ્ચે યુધ્ધ થયા હતાં. સોક્રેટીસ સંદેશોથી લોકસભા સભ્ય તેના અસમંત હતાં. સોક્રેટિસ સૂચન કરે ત્યાં ગ્રીસ માફી માગે. સોક્રેટિસ આ સૂચન તાબે ન થયાં. આખરે સોક્રેટિસ સત્ય માટે ઝેર પીવાનું પસંદ કર્યું.

ગ્રીસમાં બીજા ફિલોસોફર પ્લેટો, પાયગોરસ, આર્કમિડિઝ, તેને વિનંતી કરી પણ સોક્રેટિસ સત્ય માટે ઝેર પીવું પસંદ કર્યું છે. ભારતમાં કટોકટીમાં સમયે જયપ્રકાશ નારાયણ સંપૂર્ણ ક્રાંતિ માટે લોકો આ પડકાર ઝીલયા સૂચના કરતાં હતાં. દેશભરમાં યુવાનો સંપૂર્ણ ક્રાંતિ જંગમાં સામેલ થયાં હતાં. જયપ્રકાશ નારાયણ જેલમાં પુરવામાં આવેલ હતાં. જયપ્રકાશ જેલ છૂટ્યા ત્યાર પછી થોડા સમય પછી તેમને જસલોક હોસ્પિટલમાં દાખલ કરવા હતાં.

ડોક્ટરો જણાવ્યું હતું તેમની બન્ને કીડની કામ કર હતી. જ્યારે તેમની સારવાર ચાલુ કરી ત્યારે સમાજવાદી નેતા ચંદ્રશેખર અને મોહન ધારીયા, દંડવતે તેમની તબિયત જોવા આવેલ હતાં. હું અવારનવાર મારા બાળકો સાથે જયપ્રકાશ નારાયણને જોવા જતો હતો. ચંદ્રશેખર અને મોહનધારીયા આપસમાં વાતચીત કરેલ. જયપ્રકાશ નારાયણ ઊંઘમાં કહેલ હે મેરી બેટી ઈન્દીરા એ કામ કરી તે અસંભવ હૈ!

# પ્રભુ ભક્તિ સાથે ભવોભવ ના ફેરા તોડનારી ‘‘ચૈત્ય પરિપાટી’’




પર્યુષણ મહાપર્વ પાવનભાવના , ક્ષમાપના અને.ધર્મ સમજીને પૂરા કર્યા, પરંતુ આપણું કર્તવ્ય એવું ચૈત્ય પરિપાટી શું. આપણે પૂરૂં કર્યું?!

દરેક જઈને માટે ઉત્તમ મોકો પ્રભુની ધન્યતા ને પામવાનો, શ્રદ્ધાને દઢ કરવાની તક એજ ચૈત્ય પરિપાટી, પરમાત્માના દર્શન અનાદિકાળના રાગ-મોહને તોડવાની તાકાત ધરાવે છે. જેમ શ્રીમંતની એક રહેમ નજર જો ભિખારી પર પડે તો, ભિખારીના દિદારમાં ફેરફાર થઈ જાય.. રાજાની એક રહેમ નજર ગુનેગાર પર પડે તો, ગુનાની સજાથી છુટકારો મળી જાય.. તેમ સર્વજીવહિતચિંતક પરમાત્માની એક જ નજર ફક્ત આપણા રાગને જ નહિ પણ આપણા આખા સંસારનો વિચ્છેદ કરવાની તાકાત ધરાવે છે. પ્રશ્ન છે ફક્ત પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધાનો..

ચૈત્યપરિપાટીમાં પ્રભુના દર્શન કરતાં આપણે ધન્યતા અનુભવવાની છે. હે પ્રભુ ! મારી આંખો વિકારગ્રસ્ત હોવા છતાં મહાપુણ્યોદયે નિર્વિકારી પ્રભુ તારા દર્શન થયા. હું દ્વેષમાં ડુબેલો હોવા છતાં સમતાસાગર પ્રભુ તારા દર્શન થયા. હું વિષયાભિલાપી હોવા છતાં નિરાભિલાષી ત્રિલોકનાથ તારા દર્શન થયા. ’દુઃખ ટળ્યા સુખ મળ્યા સ્વામી તુજ નિરખતાં. ‘‘ બસ આ ભાવ ચૈત્યપરિપાટીમાં ઘૂંટવાનો છે.

પ્રભુના દર્શન પામી આપણી અધમતા છોડવાની છે. - બંગલો મળે તો ઝૂંપડી છૂટે, શરબત મળે તો ગંદુપાણી છૂટે, મીઠાઇ મળે તો રોટલી છૂટે, બસ પ્રભુ મળે એટલે ભવોભવના પાપો છૂટે. જેમ સળગતો એવો કોલસો નદીને મળતાં જ ઠંડકનો અનુભવ કરે છે બસ, પ્રભુ તને મળતા જ મારા વિષયો - કષાયો તારા શીતલ સ્પર્શે શાંત થઈ ગયા છે. આવી શુભભાવધારામાં રહેવાનું છે.

તો સાથે એ વાતની પણ નોંધ લેવાની છે કે ચૈત્યપરિપાટી જે ભવોભવના ફેરા તોડનારી છે તેમાં મારા નિમિત્તે કોઇને અધમ વિચાર આવે, કોઇને લોકોત્તર જિનશાસન તરફ આંગળી દેખાડવાનું થાય. કોઇને અસભ્ય ભાષા બોલવી પડે તેવા વસ્ત્રો નહીં પહેરું, તેવો વ્યવહાર નહીં કરું, તેવી વાણી નહીં બોલું. આવા શુભ સંકલ્પ સાથે કરેલી ચૈત્યપરિપાટી યથાર્થ સાર્થક ફળવાળી બનીને જ રહેશે. અંતમાં ઉત્તમની પાસે ઉત્તમ દ્રવ્ય સમર્પણ કરતાં આત્માને ઉત્તમોત્તમ ચીજ મળે છે, અને તે આત્મા ઉત્તમ જ બને છે

.ચૈત્યપરિપાટી ક્યારે કરવાની પર્યુષણમાં કે પર્યુષણ પછી ? પુણ્યશાળી! ૩૬૦ દિવસ ચૈત્યપરિપાટી કરવાની. જીવદયામૂર્તિ કુમારપાળ મહારાજા દરરોજ ૩૨ દેરાસરનાં દર્શન-વંદન કરી નવકારશી વાપરતા હતા. આચાર્ય શ્રી બપ્પભટ્ટસૂરિશ્વરજી શત્રુંજયતીર્થના ઋષભદેવ, ગિરનારના નેમિનાથ, ભરૂચના મુનિસુવ્રતસ્વામી, મોઢેરાના વીરપ્રભુ, અને મથુરાના સુપાર્શ્વનાથ- પાર્શ્વનાથ એમ પાંચ તીર્થોના દર્શન કરીને પછી જ વાપરતા હતા. વર્તમાનકાળમાં પણ આવા ઘણા શ્રમણ-શ્રમણી ભગવંતો-શ્રાવક-શ્રાવિકાઓ છે. જે અમુક દેરાસરોને જુહારી-દર્શન-પૂજનનો લાભ લે છે. સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે.

દિવસે ચૈત્યપરિપાટી કરવાની કે સૂર્યાસ્ત પછી પણ ચાલે? ભાગ્યશાળીઓ! ચૈત્યપરિપાટી દિવસે પણ કરવાની અને રાત્રે પણ કરવાની. સાહેબજી ! એ કેવી રીતે ? ધર્માત્માઓ! દિવસે સામુહિક કે વ્યક્તિગત શાસનની શોભામાં અભિવૃદ્ધિ થાય એ રીતે ચૈત્યપરિપાટી કરવાની છે. અને રાત્રે જુદા જુદા તીર્થોના મૂળનાયક ભગવાનને યાદ કરીને મનથી દર્શન-વંદન કરીને ચૈત્યપરિપાટી કરવાની છે.

એક વાત નોંધી રાખજો-ભગવાન મળે છે પુણ્યથી, પણ ફળે છે તો ભક્તિથી જ ચૈત્યપરિપાટી પ્રભુભક્તિનો એક પ્રકાર છે. પ્રભુ ભક્તિરૂપ ચૈત્યપરિપાટીથી સ્વભાવમાં શાલીનતા, મનમાં પ્રસન્નતા, અને જીવનમાં નિર્મળતાની પ્રાપ્તિ અચૂક થઇને જ રહેશે. તો ચાલો આ પર્યુષણ મહાપર્વમાં સંસાર અને સંસારના સાધનોમાંથી સમય બચાવીને કાંઇક વિશિષ્ટ રીતે ચૈત્યપરિપાટી કરીને જીવનને ધન્ય-મંગલમય બનાવીએ.

Click Here

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

# મુલુંડના કાલિદાસ ગ્રાઉન્ડ ખાતે સતત ૧૭મા વર્ષે પ્રેરણા રાસ ૨૦૨૪નું ધમાકેદાર આયોજન રાસડા લેવા ખેલૈયાઓનો થનગનાટ

મુલુંડના કાલિદાસ ગ્રાઉન્ડ ખાતે આ વર્ષે પણ ખેલૈયાઓ તથા દાંડિયા, ગરબા અને રાસ રસિકો મન ભરીને નવરાત્રોત્સવ માણી શકે તે માટે ગુરુવાર તા. ૦૩ ઓકટોબરથી રવિવાર, તા.૧૨ ઓકટોબર સુધીના દસ દિવસો દરમ્યાન પ્રેરણા રાસ ૨૦૨૪નું ભવ્ય આયોજન થઈ રહ્યું છે અને પ્રેરણા પરિવારની આયોજન સમિતિ તેની તડામાર તૈયારીઓમાં લાગી ગયું છે.

આ વર્ષે એમજે ફેમ મનિષ જોશી તેમના બેન્ડ સાથે ગીત અને સંગીતના સૂર રેલાવા તૈયાર છે. જ્યારે નીરવ બારોટ, અર્પિતા ઠક્કર, શ્રુતિ કલ્યાણી અને રાહુલ પોરેચા પણ તેમના સુમધુર અવાજમાં તેમને સાથ આપશે. ગીત સંગીતના આ મહારથીઓ ભકિતગીતો, લોકગીતો તથા સુપ્રસિદ્ધ ગીતોની જમાવટ કરશે. મુલુંડના કાલિદાસ ગ્રાઉન્ડ ખાતે સતત ૧૭મા વર્ષે આયોજિત પ્રેરણા રાસ ૨૦૨૪ની હવે સહુ કોઈ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# થાણાના ઓક્ટ્રોય ગ્રાઉન્ડ કોપરીમાં રાસ રંગ સાથે દસ રાતની મોજે મોજ

ક્રેડાઈ મચી થાણે અને આશર ગ્રુપ બિલ્ડર પ્રસ્તુત જનસેવા પ્રતિષ્ઠાનના આત્મીય સહયોગથી રાસ રંગ ૨૦૨૪ અંતર્ગત બોલીવુડ ઢોલકીંગ હનિફ અસલમ સાથે ઉમેશ બારોટ ખેલૈયાઓને અવિરત ગરબા રાસનો આનંદ આપવા તા.૩ ઓક્ટોબર ગુરૂવારથી તા.૧૨ ઓક્ટોબર રવિવાર દશેરા સુધી આવી રહ્યાં છે.

સાથે લોકપ્રિય ગાયક ફિરોઝ લડકા, હેલી મઝમુદાર, રૂપાલી કશ્યપ અને દ્રુવિતા ચોકસી ઓબેરોય ઓક્ટ્રોય ગ્રાઉન્ડ, કોપરી, હરિઓમ નગર, ઈન્સ્ટર્ન એક્સપ્રેસ હાઈવે થાણે સ્થળે રોજ સાંજે ૭ થી નવરાત્રની રમઝટ જમાવશે.

દર વર્ષની આ ઈવેન્ટની ખેલૈયાઓ ૩૫૫ દિવસથી અવિરત રાહ જોઈ રહ્યાં છે. તેનો ઈન્તજાર તા.૩ ઓક્ટોબરના સમાપ્ત થઈ રહ્યો છે.


અહીં પહોંચવવા યુવા યુવતીઓ કેવા થનગની રહ્યાં છે. તેનો પુરાવો તા.૩ ઓક્ટોબરના સાંજે જોવા મળશે એ નક્કી



# મુલુંડના જાણીતા સમાજસેવક હીરાલાલ મૃગ The Best Philanthropy એવોર્ડથી સન્માનિત

મુલુંડના જાણીતા સમાજસેવક, ઉદ્યોગપતિ અને કચ્છી લોહાણા અગ્રણી હીરાલાલ મૂળજી મૃગને તા.૨૨ સપ્ટેમ્બર રવિવારના કોલાબા સ્થિત હોટલ તાજ પેલેસ સ્થળે જાણીતા ફિલ્મ અભિનેતા, નિર્માતા ધીરજ કુમાર અને IEA બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ કોન્કલેવ ૨૦૨૪-૨૫ના ચેરમેન અને એડિટર ઈન ચીફ ડૉ.સંદીપ સિંહ, એસ.પી.સિંહના હસ્તે તેમના સમગ્ર સેવાકાર્યને લક્ષમાં લઈ The Best Philanthropy શ્રેષ્ઠ પરોપકારી ઈન્ટરનેશનલ એક્સેલેન્સ એવોર્ડ એનાયત કરાયો.

મૂળ કચ્છ જખૌ હાલે મુલુંડના હીરાલાલ મૃગ મુલુંડમાં થતી સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિઓમાં સદાય અગ્રપણે રહી પોતાનો યત્કિંચિત ફાળો આપે છે. તેઓને આ અગાઉ અઢળક એવોર્ડ મળ્યાં છે. જે તેમની સેવા પ્રવૃત્તિઓની સન્માનિતતા દર્શાવે છે.







Click Here